ISSN: 2349-6002

# વર્તમાન સમયમાં આહીર જ્ઞાતિમાં આવેલ સામાજિક અને આર્થિક પરીવર્તન ભાવનગર જિલ્લાના સંદર્ભમાં

નિકુલકુમાર બી. કોતર
*શોધછાત્ર, (પીએચ. ડી), એમ.કે. ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર*
doi.org/10.64643/IJIRTV12I8-191055-459

*સાર સંક્ષિપ્ત* આ સંશોધન લેખ ભાવનગર જિલ્લામાં વસતા આહીર સમાજમાં થયેલા સામાજિક અને આર્થિક પરીવર્તનનો ઐતિહાસિક તથા વિશ્લેષણાત્મક અભ્યાસ પ્રસ્તુત કરે છે. પરંપરાગત રીતે ખેતી અને પશુપાલન આધારિત ગ્રામ્ય જીવનશૈલી ધરાવતા આહીર સમાજની સામાજિક રચના કુટુંબ, જાતિ, લોકસંસ્કૃતિ અને સહકારની ભાવના પર આધારિત રહી છે. સંયુક્ત કુટુંબ પદ્ધતિ, જાતિ પંચાયત અને લોકસાંસ્કૃતિક પરંપરાઓએ સમાજમાં આંતરિક એકતા અને શિસ્ત જાળવી રાખવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આઝાદી પછી શિક્ષણના પ્રસાર, લોકશાહી સંસ્થાઓમાં ભાગીદારી અને સામાજિક સંગઠનોના વિકાસથી આહીર સમાજમાં નોંધપાત્ર સામાજિક જાગૃતિ આવી છે. સ્ત્રીઓની ભૂમિકા ધીમે ધીમે વિસ્તરતી જોવા મળે છે, જ્યારે પરંપરાગત બંધનોમાં પણ પરિવર્તન આવ્યું છે. આર્થિક ક્ષેત્રે ખેતી અને પશુપાલન મુખ્ય આધાર હોવા છતાં ડેરી સહકાર ચળવળ, સરકારી યોજનાઓ અને આંશિક ઔદ્યોગિક વિકાસ દ્વારા આવકના નવા સ્ત્રોતો વિકસ્યા છે. આ અભ્યાસ દ્વારા સાબિત થાય છે કે ભાવનગર જિલ્લાના આહીર સમાજમાં પરંપરા અને આધુનિકતાનું સહઅસ્તિત્વ જોવા મળે છે. સામાજિક અને આર્થિક પરીવર્તન આ સમાજને વધુ મજબૂત અને ગતિશીલ બનાવે છે.

*ચાવીરૂપ શબ્દો:-* આહીર સમાજ, ભાવનગર જિલ્લો, સામાજિક પરિસ્થિતી, આર્થિક પરિસ્થિતી.

## I. પ્રસ્તાવના

ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં, વિશેષ કરીને ભાવનગર જિલ્લામાં, આહીર જ્ઞાતિનું ઐતિહાસિક અને સામાજિક મહત્વ વિશેષ રહ્યું છે. પરંપરાગત રીતે ગૌપાલન, પશુપાલન અને ખેતી સાથે સંકળાયેલી આ જ્ઞાતિએ લાંબા સમય સુધી ગ્રામિણ આર્થિક વ્યવસ્થાનો આધાર સ્તંભ તરીકે કાર્ય કર્યું છે. જોકે સ્વતંત્રતા પછી, ખાસ કરીને વીસમી સદીના અંત અને એકવીસમી સદીના આરંભથી, ભારતીય સમાજમાં આવેલા વ્યાપક પરિવર્તનોના પ્રભાવથી આહીર જ્ઞાતિમાં પણ મૂળભૂત ફેરફારો જોવા મળે છે. સમાજ સતત પરિવર્તનશીલ પ્રક્રિયા છે, જેમાં સામાજિક અને આર્થિક પરિબળો સમય સાથે નવા સ્વરૂપ ધારણ કરતા રહે છે. ભાવનગર જિલ્લામાં વસતો આહીર સમાજ ઐતિહાસિક રીતે ખેતી અને પશુપાલન આધારિત ગ્રામ્ય જીવનશૈલી સાથે સંકળાયેલો રહ્યો છે. મજબૂત કુટુંબ વ્યવસ્થા, લોકસંસ્કૃતિ અને પરંપરાગત મૂલ્યો આ સમાજની ઓળખના આધારસ્તંભ રહ્યા છે. આઝાદી પછી શિક્ષણના પ્રસાર, લોકશાહી વ્યવસ્થાનો વિસ્તાર અને આર્થિક વિકાસની નવી પ્રક્રિયાઓના પરિણામે આહીર સમાજમાં નોંધપાત્ર સામાજિક તથા આર્થિક પરિવર્તન જોવા મળે છે.

ISSN: 2349-6002

## II. સંશોધનના હેતુઓ

- ભાવનગર જિલ્લામાં વસતા આહીર સમાજની સામાજિક સ્થિતિ અને પરંપરાગત જીવનશૈલીનું અધ્યયન કરવું.
- આઝાદી પછી આહીર સમાજમાં થયેલા સામાજિક પરીવર્તનો અને જાગૃતિની પ્રક્રિયાનું વિશ્લેષણ કરવું.
- આહીર સમાજની આર્થિક સ્થિતિમાં ખેતી અને પશુપાલનની ભૂમિકા સમજવી.
- આહીર સમાજમાં શિક્ષણ, રોજગારના વિવિધ આયમો અને શહેરીકરણથી થયેલા આર્થિક-સામાજિક પરિવર્તનોનું અધ્યયન કરવું.
- આહીર સમાજના સર્વાંગી અને ટકાઉ વિકાસ માટે સંભવિત સૂચનો રજૂ કરવું.

## III. સામાજિક પરીવર્તન

આહીર સમાજની સામાજિક સ્થિતિનું અવલોકન કરતાં સ્પષ્ટ થાય છે કે આ સમાજ ઐતિહાસિક કાળથી ભાવનગર જિલ્લો તથા તેની આસપાસના વિસ્તારોમાં મુખ્યત્વે ગ્રામ્ય આધારિત જીવનવ્યવસ્થા સાથે સંકળાયેલ રહ્યો છે. ખેતી અને પશુપાલન આ સમાજના પરંપરાગત વ્યવસાયો હોવાથી ભાવનગર વિસ્તારમાં વસતા આહીર સમાજની સામાજિક રચના પરિશ્રમ, પરસ્પર સહકાર અને સામૂહિક જવાબદારી પર આધારિત રહી છે. ભાવનગર જિલ્લાના ગામડાંઓમાં વિકસેલા આ સમાજમાં કુટુંબ, જાતિ અને પરંપરાને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે, જેના કારણે સમાજમાં આંતરિક એકતા અને સામાજિક શિસ્ત જળવાઈ રહી છે. સંયુક્ત કુટુંબ પદ્ધતિ આ સમાજની મુખ્ય લાક્ષણિકતા રહી છે, જેમાં અનેક પેઢીઓ સાથે રહીને આર્થિક અને સામાજિક સુરક્ષા પ્રાપ્ત કરતી હતી. આહીર સમાજની સામાજિક વ્યવસ્થા પરંપરાગત જાતિ પંચાયતો દ્વારા નિયમિત થતી હતી. આ પંચાયતો સામાજિક નિયમોનું પાલન કરાવતી, આંતરિક વિવાદોનું નિરાકરણ લાવતી અને પરંપરાઓના સંરક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતી. ભાવનગર વિસ્તારમાં આ પ્રકારની સામાજિક સંસ્થાઓએ સમાજમાં નૈતિક નિયંત્રણ અને એકતાનું વાતાવરણ ઊભું કર્યું. આહીર સમાજના સભ્યો પરસ્પર સહાયભાવથી જોડાયેલા રહ્યા હોવાથી સામાજિક જીવનમાં સહકાર અને સમરસતા વિકસી. પરિશ્રમ, સાદગી, સ્વાભિમાન, દાનશીલતા અને મહેમાનગતિ જેવા ગુણો ભાવનગર જિલ્લાના આહીર સમાજની સામાજિક ઓળખના આધારરૂપ બન્યા.

આહીર સમાજમાં પુરુષ અને સ્ત્રી બંને સામાજિક જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા જોવા મળે છે. પુરુષો ખેતીકાર્યમાં સક્રિય રહ્યા, જ્યારે સ્ત્રીઓ પશુપાલન તથા ઘરગથ્થુ વ્યવસ્થામાં સતત પરિશ્રમ કરતી રહી. તેમ છતાં પરંપરાગત સમાજમાં સ્ત્રીની સામાજિક ભૂમિકા મુખ્યત્વે ઘર અને પરિવાર સુધી સીમિત રહી હતી. કેટલીક સામાજિક કુરિવાજો અને અંધશ્રદ્ધાઓના કારણે સ્ત્રીની સ્વતંત્રતા મર્યાદિત રહી, પરંતુ સંસ્કૃતિ, પરંપરા અને લોકજીવનના સંરક્ષણમાં ભાવનગર જિલ્લાના આહીર સ્ત્રીઓનું યોગદાન મહત્વપૂર્ણ રહ્યું છે. આહીર સમાજની સામાજિક સ્થિતિમાં લોકસંસ્કૃતિનું વિશેષ સ્થાન છે. રાસ, ગરબા, લોકગીતો, લગ્નગીતો તથા ધાર્મિક ઉત્સવો આ વિસ્તારના સામાજિક જીવનનો અભિન્ન અંગ રહ્યા છે. આ લોકસાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માત્ર મનોરંજન પૂરતી સીમિત ન રહી, પરંતુ ભાવનગર વિસ્તારમાં વસતા આહીર સમાજમાં સામાજિક એકતા અને પરંપરા જાળવવા આધારરૂપ બની. સામૂહિક રીતે ઉત્સવો અને વિધિઓ ઉજવવાના કારણે સમાજના સભ્યો વચ્ચે પરસ્પર જોડાણ મજબૂત બન્યું અને સામાજિક ચેતનાનો વિકાસ થયો.

 ISSN: 2349-6002

આઝાદી પછી ભાવનગર જિલ્લાના આહીર સમાજમાં નોંધપાત્ર સામાજિક પરિવર્તન શરૂ થયું હોવાનું જોવા મળે છે. શિક્ષણના પ્રસાર અને આર્થિક વિકાસના પરિણામે સમાજમાં જાગૃતિ આવી અને પરંપરાગત માન્યતાઓ પર પુનર્વિચાર થવા લાગ્યો. અગાઉ જે સમાજ મોટેભાગે પરંપરાગત બંધનોમાં બંધાયેલો હતો, તે ધીમે ધીમે આધુનિક વિચારધારાની દિશામાં આગળ વધ્યો. ભાવનગર વિસ્તારમાં સામાજિક સુધારાની પ્રક્રિયામાં કેટલીક કુરિવાજોમાં ઘટાડો થયો અને શિક્ષણને સામાજિક વિકાસનો મુખ્ય આધાર ગણવામાં આવ્યું. આહીર સમાજના સભ્યો લોકશાહી સંસ્થાઓમાં સક્રિય ભાગ લેતા થયા. ગ્રામપંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તથા નગરપાલિકા જેવી સંસ્થાઓમાં આહીર સમાજની ભાગીદારી વધતા તેમની સામાજિક સ્થિતિ મજબૂત બની. આ રાજકીય અને સામાજિક ભાગીદારીએ સમાજમાં આત્મવિશ્વાસનો વિકાસ કર્યો અને ભાવનગર વિસ્તારમાં આહીર સમાજની સામાજિક સ્વીકૃતિમાં વધારો થયો.

ભાવનગર જિલ્લાના આહીર સમાજે પોતાની સામાજિક ઉન્નતિ માટે વિવિધ સંસ્થાઓ, વિદ્યાર્થી ભવન, બોર્ડિંગ અને સામાજિક સંગઠનોની સ્થાપના કરી. આ સંસ્થાઓ દ્વારા શિક્ષણ, સામાજિક એકતા અને જાગૃતિને પ્રોત્સાહન મળ્યું. ભાવનગર વિસ્તારમાં વસતો આહીર સમાજ પોતાની જાતિ પૂરતો સીમિત ન રહી, પરંતુ વિસ્તારના વ્યાપક સામાજિક વિકાસમાં યોગદાન આપનાર સમાજ તરીકે વિકસ્યો. આમ, ભાવનગર જિલ્લાના આહીર સમાજની સામાજિક સ્થિતિ પરંપરા અને પરિવર્તન વચ્ચેનું સજીવ સંયોજન છે. ગ્રામ્ય આધારિત જીવનશૈલી, મજબૂત કુટુંબ વ્યવસ્થા, લોકસંસ્કૃતિ અને સામાજિક મૂલ્યોને જાળવી રાખતાં આ સમાજે સમય સાથે પ રિવર્તન સ્વીકાર્યું છે. શિક્ષણ, લોકશાહી ભાગીદારી અને સંસ્થાગત વિકાસ દ્વારા ભાવનગર જિલ્લાના આહીર સમાજની સામાજિક ચેતનામાં નોંધપાત્ર વધારો થયો છે. આ ઐતિહાસિક પ્રક્રિયા આ સમાજને ભાવનગર જિલ્લાના સામાજિક જીવનમાં એક ગતિશીલ અને જવાબદાર સમાજ તરીકે સ્થાપિત કરે છે.

### IV. આર્થિક પરીવર્તન

ભાવનગર જિલ્લામાં વસતા આહીર સમાજની આર્થિક સ્થિતિ ઐતિહાસિક રીતે ખેતી અને પશુપાલન આધારિત રહી છે. આ સમાજની આજીવિકાનું મુખ્ય સ્રોત જમીન અને પશુધન હોવાથી તેની આર્થિક રચના કુદરતી પરિસ્થિતિઓ સાથે ગાઢ રીતે જોડાયેલી રહી છે. વરસાદની અનિશ્ચિતતા, સિંચાઈની મર્યાદિત સુવિધાઓ અને પરંપરાગત ખેતી પદ્ધતિઓના કારણે આહીર સમાજનું આર્થિક જીવન અસ્થિરતાનો સામનો કરતું આવ્યું છે. ભાવનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જમીનધારણની અસમાનતા અને નાના ખેતરોના કારણે મોટા પાયે ઉત્પાદન શક્ય બન્યું નથી, જેના પરિણામે સમાજનો મોટો વર્ગ સીમાંત અને નાના ખેડૂત તરીકે જીવન પસાર કરતો રહ્યો છે. ભાવનગર જિલ્લાના આહીરો મુખ્યત્વે વરસાદ આધારિત ખેતી પર નિર્ભર રહ્યા છે. કપાસ, બાજરી, જુવાર, તલ અને અન્ય પરંપરાગત પાકો આ વિસ્તારની ખેતીનું મુખ્ય લક્ષણ રહ્યા છે. આધુનિક ખેતી સાધનો અને ખાતરનો ઉપયોગ ધીમે ધીમે વધ્યો હોવા છતાં, સિંચાઈ સાધનોની અછત અને ખેતી ખર્ચમાં વધારાના કારણે નફાકારકતા મર્યાદિત રહી છે. આ પરિસ્થિતિએ આહીર સમાજની આવકને અનિશ્ચિત બનાવેલી છે અને ઘણીવાર તેમને દેવું તથા આર્થિક સંકટનો સામનો કરવો પડ્યો છે.

આહીર સમાજની આર્થિક સ્થિતિમાં પશુપાલનનું સ્થાન અત્યંત મહત્વપૂર્ણ રહ્યું છે. ગાય, ભેંસ અને અન્ય પશુઓના પાલન દ્વારા દૂધ, ઘી અને પશુપેદાશોના

 ISSN: 2349-6002

ઉત્પાદનથી ઘરઆવકમાં સ્થિરતા આવી છે. ભાવનગર જિલ્લામાં ડેરી સહકાર ચળવળના વિકાસથી આહીર સમાજને નિયમિત આવક, બજાર સાથે સીધો સંપર્ક અને નાણા પ્રવાહ પ્રાપ્ત થયો છે. ડેરી વ્યવસાય આ સમાજ માટે માત્ર આવકનું સાધન નહીં પરંતુ આર્થિક સુરક્ષાનું આધારસ્તંભ બન્યો છે. તેમ છતાં પશુ આરોગ્ય ખર્ચ અને બજાર ભાવમાં ઉતાર-ચઢાવ જેવા પરિબળો આ ક્ષેત્રને સતત પડકારરૂપ રહ્યા છે.

આઝાદી પછી આહીર સમાજના આર્થિક જીવનમાં ધીમે ધીમે પરિવર્તન શરૂ થયું. સરકારી યોજનાઓ, કૃષિ સહાય અને સહકારી સંસ્થાઓના માધ્યમથી ખેતી અને પશુપાલનમાં સુધારાના પ્રયાસો થયા. ભાવનગર જિલ્લામાં ડેરી સહકાર, કૃષિ સાધન સહાય અને ગ્રામ્ય વિકાસ કાર્યક્રમો દ્વારા આવક વધારવાના પ્રયાસો નોંધપાત્ર રહ્યા છે. તેમ છતાં આ યોજનાઓનો લાભ સમાજના તમામ વર્ગો સુધી પહોંચ્યો નથી. માહિતીની અછત, વહીવટી અડચણો અને સામાજિક પરિબળો લાભ પ્રાપ્તિને મર્યાદિત કરે છે. આર્થિક વૈવિધ્યકરણની દિશામાં આહીર સમાજનો પ્રવેશ આધુનિક સમયની મહત્વની લાક્ષણિકતા છે. ભાવનગર અને આસપાસના વિસ્તારોમાં ઉદ્યોગ, પરિવહન અને સેવાક્ષેત્રના વિકાસથી આહીર યુવાનોને ખેતી સિવાયના રોજગારના અવસર મળવા લાગ્યા છે. ઔદ્યોગિક એકમો અને શહેરી અર્થતંત્રના વિસ્તરણથી પરંપરાગત ખેતી પરની નિર્ભરતા થોડી ઘટી છે. તેમ છતાં શિક્ષણ અને તકનિકી કુશળતાની મર્યાદાઓને કારણે ઉચ્ચ આવકવાળા ક્ષેત્રોમાં આહીર સમાજની ભાગીદારી હજુ સીમિત રહી છે. આર્થિક અસમાનતા આહીર સમાજની એક મહત્વપૂર્ણ સમસ્યા તરીકે જોવા મળે છે. મોટા જમીનધારકો, સફળ ડેરી વ્યવસાયિકો અને ઉદ્યોગ સાથે જોડાયેલા પરિવારોની સરખામણીએ નાના ખેડૂત અને શ્રમિક વર્ગની આર્થિક સ્થિતિ નબળી રહી છે. આ અસમાનતાએ ગ્રામ્ય–શહેરી સ્થળાંતરને પ્રોત્સાહન આપ્યું છે. ભાવનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી યુવાનો રોજગારની શોધમાં શહેરો તરફ સ્થળાંતર કરતા થયા છે, જેના કારણે ગ્રામ્ય અર્થતંત્ર અને કુટુંબ વ્યવસ્થામાં પણ પરિવર્તન જોવા મળે છે. આહીર સમાજની આર્થિક સ્થિતિ પરંપરા અને આધુનિકતાના સંક્રમણકાળમાં ઊભી છે. ખેતી અને પશુપાલન હજુ પણ આર્થિક આધાર છે, પરંતુ ઉદ્યોગ, સેવાક્ષેત્ર અને સરકારી સહાય દ્વારા વૈવિધ્યકરણની પ્રક્રિયા ચાલુ છે. આ પરિવર્તન તમામ વર્ગો માટે સમાન ગતિએ લાભદાયી બન્યું નથી, છતાં તે આહીર સમાજને આર્થિક ગતિશીલતાની દિશામાં લઈ જઈ રહ્યું છે.

આમ, કહી શકાય કે ભાવનગર જિલ્લાના આહીર સમાજની આર્થિક સ્થિતિ ઐતિહાસિક રીતે શ્રમપ્રધાન અને કુદરત આધારિત રહી છે. ડેરી સહકાર, સરકારી યોજનાઓ અને આંશિક ઔદ્યોગિક વિકાસ દ્વારા આર્થિક સુધારાના પ્રયાસો થયા છે, પરંતુ ટકાઉ અને સર્વસમાવેશક વિકાસ માટે શિક્ષણ, તકનિકી તાલીમ, બજાર જોડાણ અને નીતિ અમલીકરણમાં વધુ મજબૂત પ્રયાસોની જરૂરિયાત હોવાનું આ અભ્યાસ સ્પષ્ટ કરે છે. આ રીતે આહીર સમાજની આર્થિક સ્થિતિનો અભ્યાસ ભાવનગર જિલ્લા આહીર સમાજના અર્થતંત્રને સમજવા માટે મહત્વપૂર્ણ ઐતિહાસિક દૃષ્ટિ પ્રદાન કરે છે.

## V. તારણો

- ભાવનગર જિલ્લામાં વસતો આહીર સમાજ ઐતિહાસિક રીતે ખેતી અને પશુપાલન આધારિત ગ્રામ્ય જીવનશૈલી ધરાવતો રહ્યો છે, જેના કારણે તેની સામાજિક રચના પરંપરા, પરિશ્રમ અને સહકાર પર આધારિત રહી છે.
- સંયુક્ત કુટુંબ પદ્ધતિ, જાતિ પંચાયત અને લોકસાંસ્કૃતિક પરંપરાઓએ આહીર સમાજમાં સામાજિક એકતા અને શિસ્ત જાળવી રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

- ➢ આઝાદી પછી શિક્ષણના પ્રસાર અને લોકશાહી સંસ્થાઓમાં ભાગીદારી વધતા આહીર સમાજમાં સામાજિક જાગૃતિ અને આત્મવિશ્વાસનો નોંધપાત્ર વિકાસ થયો છે.
- ➢ આર્થિક ક્ષેત્રે ખેતી અને પશુપાલન મુખ્ય આધાર હોવા છતાં, ડેરી સહકાર ચળવળના વિકાસથી આહીર સમાજને નિયમિત આવક અને આર્થિક સુરક્ષા પ્રાપ્ત થઈ છે.
- ➢ રોજગારની શોધમાં ગ્રામ્ય-શહેરી સ્થળાંતર વધતા કુટુંબ વ્યવસ્થા અને ગ્રામ્ય સામાજિક માળખામાં પરિવર્તન જોવા મળે છે.

## VI. નિષ્કર્ષ

ભાવનગર જિલ્લાના આહીર સમાજના સામાજિક તથા આર્થિક પરીવર્તનનો અભ્યાસ સ્પષ્ટ કરે છે કે આ સમાજે ઐતિહાસિક રીતે પરંપરાગત ગ્રામ્ય જીવનશૈલી, મજબૂત કુટુંબ વ્યવસ્થા અને લોકસાંસ્કૃતિક મૂલ્યોના આધાર પર પોતાની ઓળખ જાળવી રાખી છે. સંયુક્ત કુટુંબ પદ્ધતિ, પરસ્પર સહકાર અને સામૂહિક જવાબદારી આ સમાજની સામાજિક સ્થિરતાના મુખ્ય આધારસ્તંભ રહ્યા છે. આઝાદી પછી શિક્ષણ, લોકશાહી ભાગીદારી અને સામાજિક સંસ્થાઓના વિકાસથી આહીર સમાજમાં જાગૃતિ અને આત્મવિકાસનો નોંધપાત્ર વિકાસ થયો છે. આર્થિક ક્ષેત્રે ખેતી અને પશુપાલન હજુ પણ મુખ્ય આધાર હોવા છતાં, ડેરી સહકાર, સરકારી યોજનાઓ અને આંશિક ઔદ્યોગિક વિકાસ દ્વારા આર્થિક વૈવિધ્યકરણની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આમ, કહી શકાય કે ભાવનગર જિલ્લાના આહીર સમાજમાં પરંપરા અને પરિવર્તન વચ્ચેનું સંતુલન જોવા મળે છે. આ પરીવર્તનોએ સમાજને ગતિશીલ બનાવ્યો છે, પરંતુ ટકાઉ વિકાસ માટે શિક્ષણ, તકનિકી તાલીમ, સ્ત્રી સશક્તિકરણ અને અસરકારક નીતિ અમલીકરણ અનિવાર્ય છે. આ અભ્યાસ આહીર સમાજના સામાજિક-આર્થિક વિકાસને સમજવા માટે મહત્વપૂર્ણ ઐતિહાસિક દૃષ્ટિ પ્રદાન કરે છે.

## સંદર્ભ

[1] ચોક્સી, યુ.એમ.,(સં) ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ, ભાવનગર જિલ્લો, ગુજરાત સરકાર,ગાંધીનગર, 1989

[2] આહીર, જયંતિભાઈ., આહીર કથામૃત, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, 2012

[3] જાની, એચ.વી., સૌરાષ્ટ્રનો ઇતિહાસ, દર્શન ઇતિહાસ નિધી, અમદાવાદ, 2003

[4] જોશી, પારૂલ.જે., સૌરાષ્ટ્રના આહિરો, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃતિ, 1998

[5] આચાર્ય, યજ્ઞેશ.,(સં) ભાવસભર ભાવનગર, ભાવનગર, માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, 2005